ગોવાભાઈ સામે ગુજરાત સરકારે જ બાયો ચઢાવી

ડીસા APMCના વર્તમાન ચેરમેન ગોવાભાઈ રબારીને સુપ્રીમની લપડાક

● ડીસા, તા.૪

એપીએમસીના વર્તમાન ચેરમેન ગોવાભાઈ રબારી સામે માર્કેટયાર્ડના વહીવટમાં ગેરરીતી આચરવામાં આવી હોવાથી વર્ષ ૨૦૧૫માં ગુજરાત સરકાર દ્વારા રૂપિયા ૪.૧૧ કરોડ ઉપરાંતની વસુલાત માટે ગુજરાત હાઈકોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જેની સામે ગોવાભાઈએ દાવો રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમા પીટીશન દાખલ કરી હતી. જે પીટીશન રદ કરી ડીસા કોર્ટમાં થયેલ દાવો ચલાવવા માટે આદેશ કરતા સહકારી માળખામાં હડકંપ મચી જવા પામ્યો છે.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતા ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને ડીસાના તત્કાલીન ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ પોતાની આગળની ટર્મમાં ચેરમેન હતા તે દરમ્યાન વહીવટમાં નાણાકીય ઉચાપત, જમીન ખરીદી જેવી ગેરરીતી આચરી હતી. આથી ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગરના નિયામક દ્વારા તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫ના હુકમથી તત્કાલીન ચેરમેન ગોવાભાઈ રબારીને રૂપિયા ૪,૧૧,૧૮,૫૫૩ની અંગત જવાબદારી નક્કી કરવામાં આવી હતી.

ત્યારબાદ નાણા વસુલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા તત્કાલીન જીલ્લા રજીસ્ટાર (સહકારી મંડળીઓ પાલનપુર બનાસકાઠા) ને અધિકૃત કરવામાં આવ્યાં હતાં. આથી તત્કાલીન જીલ્લા રજીસ્ટાર દ્વારા સરકાર તરફે ડીસા કોર્ટમાં સ્પેશ્યલ દાવો દાખલ કરાતાં તે દાવા સામે ગોવાભાઈ હાઈકોર્ટ ગયા હતા.ત્યારે ગુજરાત હાઈકોર્ટે પણ દાવો ચલાવવાના હુકમને માન્ય રાખતા તેઓ સુપ્રિમ કોર્ટમાં ગયા હતા અને સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પીટીશન દાખલ કરી હતી. જેમાં સુપ્રિમ કોર્ટે તા.૨૭ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ ચેરમેન ગોવાભાઈ રબારી સામે દાખલ કરેલ રૂપિયા ૪,૧૧,૧૮,૫૫૩ ન ભરવાની પિટીશન રદ કરીને ગુજરાત સરકાર અને ગુજરાત હાઈકોર્ટના હુકમને બહાલ રાખતાં ગોવાભાઈની ચિંતામાં વધારો થયો છે.

ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન ગોવા રબારી સામે એપીએમસીમાં પાચ થી છ કરોડની ઉચાપત, તેમજ ભીલડી જમીન પ્રકરણ સહિતના અનેક કૌભાંડ આચર્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આ પ્રકારના અનેક ભ્રષ્ટાચારોમાંથી નીકળવા ભાજપના વોશિંગ મશીનમાં પ્રવેશી ગયા પણ હવે ફસાઈ ગયા છે. ભાજપના જ આગેવાનો સવાલ ઉઠાવે છે કે છે કે ભાજપના આગેવાનો શા માટે કોંગ્રેસના આવા ભ્રષ્ટાચારીઓને ભાજપમાં લાવી પક્ષની આબરૂ બગાડતા હોય છે. ભાજપના કાર્યકરો આ પ્રકારના સમાચારોથી વ્યથિત થઈ કોંગ્રેસીઓને સ્વીકારતા નથી તે તાજેતરની લોકસભા ચૂંટણીમાં પણ જોવા મળ્યું હતું..

ડીસા એપીએમસીના વર્તમાન ચેરમેન અને તત્કાલીન કોંગ્રેસી નેતા ગોવાભાઈ રબારી એ ડીસા માર્કેટયાર્ડમાં ગેરરીતી આચરી હોવાથી ગુજરાત સરકાર દ્વારા ૪.૧૧ કરોડ વસુલ કરવા માટે ડીસા કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેને સુપ્રિમ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવ્યો છે ત્યારે ડીસા કોર્ટ માં આગામી ૧૨ સપ્ટેમ્બર ના રોજ તારીખ હોઈ ત્યારબાદ કોર્ટ નો શુ હુકમ થાય છે તે જોવાનું રહ્યું પંરતું સુપ્રીમ કોર્ટ એ દાવા અંગે ની પીટીશન કાઢી નાખતા હવે ગોવાભાઈ રબારી સામે ગાળીયો ફસાયો છે.

ગોવાભાઈ રબારીએ સુપ્રીમ કોર્ટેમાં દાખલ કરેલી પીટીશન સુપ્રિમ કોર્ટે રદ કરતા ગુજરાત હાઈકોર્ટના હુકમને માન્ય રાખી ગોવાભાઈ રબારીને રૂપિયા ૪,૧૧,૧૮,૫૫૩ ઉપરાંત વર્ષ ૨૦૧૫ થી આજ દિન સુધી વ્યાજ સહિત અંદાજીત આઠથી દસ કરોડ ભરવાની પણ નોબત આવી શકે તેમ છે.જોકે કોર્ટ માં દાવો ચાલ્યા બાદ કોર્ટ જે નિર્ણય લેશે ત્યારબાદ સમગ્ર વિગત બહાર આવશે. જાહેર સભા અને બેઠકો માં પોતે જોરશોરથી સ્વચ્છ છબી ધરાવતાં ભાષણો કરીને લોકોને ગેરમાર્ગે દોરતા નેતાજી ગોવાભાઈ રબારીને ગુજરાત સરકારે અગંત જવાબદારી ઠેરવતા નેતાજી ભરાઈ ગયા છે.

નકલી વિઝા પર કેનેડા જવાનો પ્રયત્ન કરનારા ગુજરાતીની દિલ્હી એરપોર્ટ પર ધરપકડ

● અમદાવાદ, તા.૪

ગુજરાતીઓનું વિદેશમાં જવાનું ઘેલું એટલું છે કે તેના માટે તેઓ કોઈ કાયદાની તમા કરતા નથી. આવા જ એક અમદાવાદીએ ૨૦૧૯માં મુંબઈથી કેનેડામાં વિઝિટર વિઝા દ્વારા જવાના નિષ્ફળ પ્રયત્ન પછી ૨૦૨૪માં દિલ્હીથી ગેરકાયદેસર રીતે જવાનો પ્રયત્ન કર્યો હતો.

ઈમિગ્રેશન બ્યૂરોના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના રાણીપ વિસ્તારમાંથી કૃપેશ પટેલ તરીકે ઓળખાતા એક વ્યક્તિને ૨૨ ઓગસ્ટના રોજ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બનાવટી અને છેતરપિંડી કરવાના આરોપમાં પકડવામાં આવ્યો હતો.

''પટેલે ડિપાર્ચર ક્લિયરન્સ મેળવવા ઈમિગ્રેશન સત્તાવાળાઓનો સંપર્ક કર્યો હતો. તે ફ્લાઈટ એઆઈ ૧૮૭ પકડવાનો હતો અને તેના વિદેશ જવાના સમર્થનમાં ૭૩૧૯૯૬૯૭૨ નંબર સાથે કેનેડિયન વિઝા રજૂ કર્યા. પટેલના પ્રવાસ દસ્તાવેજોની ચકાસણી દરમિયાન તેના કેનેડિયન વિઝાની પ્રામાણિકતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો,'' એમ દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પોલીસમાં નોંધાયેલી એફઆઈઆરમાં જણાવાયું છે. એફઆઈઆરમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ''વિઝાના શંકાસ્પદ સ્વભાવને કારણે આ બાબત કેનેડિયન અધિકારીના ધ્યાન પર લાવવામાં આવી હતી. ત્યારબાદ,એએલઓએ ઈમેલ દ્વારા પુષ્ટિ કરી કે પટેલના કબજામાં રહેલા વિઝા નકલી હતા.''

દિલ્હીમાં આઈજીઆઈ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે પટેલને અગાઉ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ મુંબઈ એરપોર્ટ પર કેનેડા જતી ફ્લાઈટમાંથી બોર્ડિંગ કરવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને મુંબઈ પોલીસમાં બનાવટીનો કેસ નોંધવામાં આવ્યો હતો. બ્યુરો ઓફ ઈમિગ્રેશન દ્વારા આ માહિતીને સમર્થન આપવામાં આવ્યું છે. ''મુંબઈમાં કેસ નોંધવામાં આવ્યો હતો જ્યારે પટેલે તે જ નકલી કેનેડિયન વિઝિટર વિઝાનો ઉપયોગ કરીને કેનેડા જવાનો પ્રયાસ કર્યો હતો,'' એમ દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પોલીસમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં જણાવાયું હતું. દિલ્હી પોલીસના સૂત્રોએ ખુલાસો કર્યો હતો કે જામીન પર છૂટ્યા હોવા છતાં અને મુંબઈમાં ચાલી રહેલી ટ્રાયલનો સામનો કરવા છતાં, પટેલે દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટ પરથી સમાન બનાવટી વિઝા પર મુસાફરી કરવાનો પ્રયાસ કરવાની જબરી હિંમત કરી હતી.

દિલ્હીના કાયદા અમલીકરણ અધિકારીઓ હાલમાં પટેલને નકલી વિઝા આપનાર વિઝા એજન્ટને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.આઈજીઆઈ એરપોર્ટ સત્તાવાળાઓએ પટેલ પર પાસપોર્ટ એક્ટ હેઠળના આરોપો ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા હેઠળ છેતરપિંડી, બનાવટી અને બનાવટી દસ્તાવેજોને અસલી તરીકે રજૂ કરવાની જોગવાઈઓ હેઠળ આરોપ મૂક્યો છે.

બીજી એક સિસ્ટમ બંગાળની ખાડીમાં સર્જાવાની આગાહી

સુરત, છોટા ઉદેપુર અને નર્મદામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ

● અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ફરી એકવાર છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. ભારતીય હવામાન વિભાગે સુરત, છોટા ઉદેપુર અને નર્મદામાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, તો બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને ડાંગમાં યલો અને અમદાવાદ સહિતના જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે.

આ ઉપરાંત રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કોંકણ, ગોવા, મધ્ય પ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન મંગળવારે સૌથી વધુ ૬ ઈંચ વરસાદ ભરૂચના વાલિયામાં ખાબક્યો હતો, જ્યારે છેલ્લા ૧૮ કલાકમાં આ આંકડો ૧૮ ઈંચે પહોંચી ચૂક્યો છે.

ગુજરાતમાં મંગળવારના રોજ ૧૯૮ તાલુકામાં વરસાદ વરસ્યો છે, જેમાં ૩ તાલુકામાં ૧૦૦ મિ.મી. કરતાં વધુ, ૧૫ તાલુકામાં ૫૦ મિ.મી. કરતાં વધુ જ્યારે ૧૭૯ તાલુકામાં ૫૦ મિ.મી. કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. આ પૈકી વાલિયામાં ૬ ઈંચ, નેત્રંગમાં ૫ ઈંચ, વલસાડ અને ઉમરપાડામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત કોંકણ, ગોવા, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે સુરત, નર્મદા અને છોટા ઉદેપુરમાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, તો બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને ડાંગમાં યલો એલર્ટ અને અમદાવાદ સહિતના જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, બીજી એક સિસ્ટમ બંગાળની ખાડીમાં સર્જાશે. તેના કારણે ગુજરાતના વિવિધ ભાગોમાં ત્રીજી સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર સુધીમાં વરસાદ થવાની શક્યતા રહેશે. બંગાળની ખાડીમાં એક પછી એક સિસ્ટમ બનતી જશે જે બાદમાં લો પ્રેશર, ડિપ ડિપ્રેશનમાં પરિવર્તિત થતી રહેશે. છ સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર વચ્ચે લગભગ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતમાં પંચમહાલ સહિતના કેટલાક સ્થળે ભારે વરસાદની સંભાવના છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવાથી ભારે વરસાદની સંભાવના છે.

બોગસ ભાગીદારી પેઢી બનાવી કોર્પોરેટ એકાઉન્ટ ખોલાવતા

સુરતમાં બેંક ખાતા ખોલાવી કિટ અને સીમકાર્ડ દુબઈ મોકલવાનું રેકેટ ઝડપાયું

● સુરત, તા.૪

શહેરમાં કાપોદ્રા પોલીસે નંબર પ્લેટ વિનાની નવી નક્કોર સ્કોર્પિયોમાંથી બે યુવાનને કાપોદ્રા ચાર રસ્તા પાસેથી ઝડપી લીધા હતા.મુખ્ય આરોપી બનાવટી પેઢી ઊભી કરી બેંક એકાઉન્ટ ખોલી તેને સાયબર માફિયાઓને વેચી દેતો હતો. આ બેંક એકાઉન્ટનો સાયબરને લાગતા તમામ ફ્રોડમાં ઉપયોગ કરાતો હતો. મુખ્ય આરોપી અવનિત હુમ્મર એક વર્ષમાં આ રીતે બેંક એકાઉન્ટ વેચી કરોડપતિ બની ગયો છે. હવે આ કરોડપતિ ગઠિયાને પોલીસે પકડી લેતા મોટા ફ્રોડના ખુલાસાઓ થાય તેવી શક્યતાઓ છે. પોલીસે બંનેની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.કાપોદ્રા પોલીસે બાતમીના આધારે મંગલદીપ કોમ્પ્લેક્સ સામે રોડ ઉપરથી નંબર પ્લેટ વિનાની સ્કોર્પિયો કારમાંથી અવનિત ભુપતભાઈ હુમ્મર અને આયુષ વિપુલભાઈ વસોયાને ઝડપી પાડયા હતા.પોલીસે તેમની પાસેથી ૮ બેંક એકાઉન્ટ કિટ, અલગ અલગ કંપનીના ૭ સીમકાર્ડ, ૨૧ ચેકબુક અને પાસબુક, ૧૨ પાનકાર્ડ અને આધારકાર્ડ, ૧૦ બનાવટી ફર્મ/પેઢી કરાર, તેના ૧૨ રબર સ્ટેમ્પ, કેશ કાઉન્ટર મશીન અને સ્કોર્પિયો વિગેરે મળી કુલ રૂ. ૧૭.૨૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સિલ પેક બેંક એકાઉન્ટ કિટ હતી જેમાં પાસબુક ચેકબુક સહિતની તમામ બેંક એકાઉન્ટની માહિતી હતી. પોલીસે બંનેની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તેઓ તેમના સર્કલના મિત્રો અને પરિચિતોને કમિશનની લાલચ આપી બેંક ખાતા ખોલાવી તેની ઈન્સ્ટન્ટ કિટ અને સીમકાર્ડ મેળવી સાયબર ફ્રોડ કરતી ટોળકીને રાજસ્થાનના જયપુરના એક વ્યક્તિને આપતા અને તે આગળ દુબઈ મોકલતો હતો. બંનેએ અત્યાર સુધીમાં ૪૫થી વધુ જીએસટી સાથે સંકળાયેલા અને કરંટ એકાઉન્ટ ખોલીને જયપુરના વ્યક્તિને આપ્યા હતા, પણ તેની લિમિટ ઓછી હોય હવે તેઓ ૫ કરોડની લિમિટના કોર્પોરેટ એકાઉન્ટ ખોલાવવાના હતા અને તે માટે જુદાજુદા નામે બોગસ ભાગીદારી પેઢી બનાવી તેના પાનકાર્ડ મેળવી તેની સાથે આવેલા એસ્ટીમ લેટરની મદદથી કોર્પોરેટ એકાઉન્ટ ખોલાવવા તજવીજ કરતા હતા. અવનિત દોઢ વર્ષ પહેલાં રત્નકલાકાર હતો.

I have changed my name from BhupendraMavjibhai Makwana to Makwana Bhupendrabhai Mavjibhai
D-53-Anushaktinagar, Opp. Manharparak, New Sama Road, Vadodara

દેશનું સૌથી સ્વચ્છ શહેર સુરત હવે ક્લીન એર સર્વેમાં પણ ટોચ પર

● સુરત, તા.૪

ગત વર્ષે દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે પ્રથમ સ્થાન મેળવનાર સુરત શહેરે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા આયોજિત 'ક્લીન એર સર્વે-૨૦૨૪'માં દેશભરના ૧૩૧ શહેરોને પછાડીને સુરતએ પ્રથમ સ્થાન મેળવીને શહેર અને રાજ્યને ગૌરવ અપાવ્યું છે.

સૌથી ઝડપથી વિકસતું શહેર હોવા ઉપરાંત, સુરત વર્ષ ૨૦૨૩-૨૪માં પીએમ૧૦ માં ૧૨.૭૧% નો નોંધપાત્ર ઘટાડો હાંસલ કરવામાં સફળ રહ્યું છે. ગયા વર્ષે, ૨૦૨૩ માં હાથ ધરવામાં આવેલા 'ક્લીન એર સર્વે'માં, સુરત શહેર ૧૩માં સ્થાને હતું અને ઈન્દોર પ્રથમ સ્થાને હતું. ૨૦૨૩ માં, સુરત મહાનગરપાલિકાએ આ વર્ષે ખૂટતી સુવિધાઓ, પગલાં અને ભૂલો સુધારવા માટે સઘન કામગીરી કરીને મોટી છલાંગ લગાવી છે અને કુલ ૨૦૦ માંથી ૧૯૪ માર્કસ મેળવીને સર્વેમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા ૭મી સપ્ટેમ્બરે નેશનલ ક્લીન એર મિશન કાર્યક્રમ અંતર્ગત જયપુરમાં આયોજિત થનારી કોન્ફરન્સમાં સુરતની આ સિદ્ધિ બદલ ટ્રોફી સાથે ૧.૫ કરોડનું ઈનામ પણ આપવામાં આવશે. સુરતના મેયર અને શ્રીને અભિનંદન પાઠવ્યા હતા. ૧.૫ કરોડની ઈનામી રકમ, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કમિશનરને સોંપવામાં આવશે. શુધ્ધ હવા સર્વે શું છે?

કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૯ માં ભારતીય શહેરોમાં હવાની ગુણવત્તામાં સુધારો કરવા અને રજકણોમાં ૩૦% ઘટાડો કરવાના લક્ષ્યાંક માટે બિન-પ્રાપ્તિ શહેરોના પ્રયાસોનું મૂલ્યાંકન કરવા માટે એક નવી પહેલ 'ક્લીન એર' શરૂ કરવામાં આવી હતી. 'એર સર્વે' શરૂ કરવામાં આવ્યો હતો. શહેરોનું મૂલ્યાંકન મુખ્યત્વે ૮ પરિબળોના આધારે કરવામાં આવે છે. તેમાં ઘન કચરાનું વ્યવસ્થાપન, રસ્તાની ધૂળ, બાંધકામ અને ડિમોલિશન કચરામાંથી પેદા થતી ધૂળ, વાહનોમાંથી ઉત્સર્જન, ઔદ્યોગિક ઉત્સર્જન, જનજાગૃતિ કાર્યક્રમો અને હવાની ગુણવત્તામાં સુધારો જેવા પરિમાણોનો સમાવેશ થાય છે. કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં વાર્ષિક આશરે ૭૦૦૦ મેટ્રિક ટનનો ઘટાડો

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને હવાની ગુણવત્તા સુધારવા માટે છેલ્લા ૪ થી ૫ વર્ષ દરમિયાન આશરે રૂ. ૫૦૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટ અમલમાં મૂક્યા છે. જેમાં યાંત્રિક સફાઈ કામદારો દ્વારા વાર્ષિક અંદાજે ૪૨૦૦ મેટ્રિક ટન ધૂળ રસ્તાઓ પરથી દૂર કરવામાં આવે છે, ૧૦૦% ઘરો ઘર-ઘર કચરો ઉપાડવા માટે પરંપરાગત વાહનોને બદલે ઈ-વાહનોનો ઉપયોગ કરે છે અને કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં આશરે ૭૦૦૦ મેટ્રિક ટનનો ઘટાડો થયો છે.

એનઓસી આપવા માટે ૧૫ હજારની લાંચ લેતા ભાવનગર ડીઆરએમ ઓફિસના કલાર્કની ધરપકડ

● ભાવનગર, તા.૪

ભાવનગરમાં ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર અને રેલવે તરફથી આપવામાં આવતી કન્સલ્ટન્સીનું કામ કરતી વ્યક્તિ પાસેથી રૂ.૧૫,૦૦૦ ની લાંચ લેતા ડીઆરએમ ઓફિસના ક્લાર્કની એસીબીએ ધરપકડ કરી છે. જ્યારે અન્ય એક ક્લાર્કની શોધ હાથ ધરી છે.આ બનાવની વિગત મુજબ ફરિયાદી સુરેન્દ્રનગરના લીંમડીમાં રેલ્વેની હદ નજીકની જમીનમાં બાંધકામ કરવા માટે એનઓસી મેળવવા ૨૦ મે ૨૦૨૨ ના રોજ અરજી કરી હતી.ચાર મહિના અગાઉ આ અરજી ડીઆરએમ ઓફિસ, ભાવનગર આવી ગઈ હોવાનું જણાતા તે એનઓસી લેવા માટે ગયો હતો. જ્યાં એનઓસી ઈશ્યુ કરવાનું કામ કરતા ડીઆરઓમ ઓફિસના નિર્માણ વિભાગમાં કામ કરતા ક્લાર્ક કાળુભાઈ ડી.દુબલ અને ક્લાર્ક પ્રશાંત પંડ્યાએ લાંચની માંગણી કરી હતી અને બાદમાં ધક્કા ખવડાવતા હતા. જકે ઉપિયાદીએ પૈસાની વ્યવસ્થા થશે એટલે પૈસા આપી દેશે કહેતા તેને એનઓસી આપવામાં આવી હતી. બાદમાં આરોપી કાળુભાઈ દુબલે અવારનવાર પૈસાની માંગણી કરતા ફરિયાદીએ અન્ય આરોપી પ્રશાંત પંડ્યાને એટવાન્સમાં તેના ભાગના પૈસા આપી દીધા હોવાનું જણાવ્યું હતું. તેમછતા ફરિયાદીને એનઓસીના અન્ય કામો અટકાવી દેવાની ધમકી આપી હતી.અંતે ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવતા અધિકારીઓએ ડીઆરએમ ઓફિસ ભાવનગર ખાતે રેલવે કોમ્યુનિટી હોલની સામે જાળ બિછાવીને રૂ.૧૫,૦૦૦ ની લાંચ લેતા કાળુભાઈ દુબલની ધરપકડ કરી હતી. જ્યારે પ્રશાંત પંડ્યા સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

છેલ્લા ૨૪ કલાકમાં વલસાડ અને સુરત જિલ્લામાં સરેરાશ ૨ ઇંચથી વધુ વરસાદ

● ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં ગત દિવસ દરમિયાન વરસી રહેલા ધોધમાર વરસાદનું આજે કચ્છ, સૌરાષ્ટ્ર, પૂર્વ-મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં જોર ઘટ્યું છે. જ્યારે દક્ષિણ ગુજરાત કેટલાક જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકમાં સૌથી વધુ ૬ ઈંચ અને નેત્રંગ તાલુકામાં ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરતના ઉમરપાડામાં અને વલસાડ તાલુકામાં ૪ ઈંચ કરતા પણ વધારે વરસાદ નોંધાયો છે. ગત ૨૪ કલાકમાં વલસાડ અને સુરત જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૨ ઈંચ કરતા પણ વધારે, જ્યારે સમગ્ર ભરૂચ જિલ્લામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

તાલુકાની વાત કરીએ તો, મહેસાણાના જોટાણા, સુરતના પલસાણા અને સુરત, બનાસકાંઠાના દાંતીવાડા, તેમજ વલસાડના વાપી તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાથે જ, નર્મદાના નાંદોદ, વલસાડના પારદી, ઉમરગામ અને કપરાડા,સુરતના માંગરોળ, માંડવી અને મહુવા, નવસારીના ખેરગામ, કચ્છના રાપર અને તાપીના સોનગઢ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના આશરે ૩૦ તાલુકામાં એક ઈંચથી વધુ તેમજ ૧૪૯ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યના કુલ ૧૯૮ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો છે.

લેક્ટોઝ (ઇન્ડિયા) લિમિટેડ

CIN: L15201GJ1991PLC015186

નોંધાયેલ ઓફિસઃ સર્વે નંબર ૫,૬ ૫,૬ અને 7A, ગામ પોઇચા (રાણીયા), તાલુકા સાવલી, વડોદરા, ગુજરાત ૩૯૧૭૮૦.

કોર્પોરેટ ઓફિસઃ જી-૨, એ વિંગ, નવભારત એસ્ટેટ, ઝકરિયા બંદર રોડ, સેવરી (5), મુંબઈ ૪૦૦૦૧૫. **સંપર્કઃ** ૦૨૨-૨૪૧૧૭૦૩૦ **ફેક્સઃ** ૦૨૨-૨૪૧૧૭૦૩૪

ઈમેઈલઃ lil@lactoseindialimited.com, વેબસાઈટ : www.lactoseindialimited.com

કંપનીના શેરધારકોના ધ્યાન માટે સૂચના ૩૩ વાર્ષિક સામાન્ય સભાની સૂચના

આ જાણ કરવા માટે છે કે કંપનીની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા ("AGM") વીડિયો અન્ય કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા સોમવાર, ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ IST વાગ્યે યોજાશે. કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલ નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (''સેબી'') (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, (સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) અને એમસીએ પરિપત્રની તમામ લાગુ જોગવાઈઓના પાલનમાં તારીખ ૦૫મી મે, ૨૦૨૨ના પરિપત્રો સાથે વાંચો ૦૮મી એપ્રિલ, ૨૦૨૦, ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, ૦૫મી મે, ૨૦૨૦, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ અને ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ (એમસીએ પરિપત્રમાં વ્યાપાર કરવા માટે સેટ નથી) એજીએમ માટે. ૩૨મી એજીએમ માટેનું ડીમ્ડ સ્થળ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ હશે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વાર્ષિક અહેવાલ સાથે એજીએમ બોલાવવાની સૂચના શુક્રવાર, ૦૬મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ માત્ર ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા એવા સભ્યોને મોકલવામાં આવશે કે જેમનું ઈમેલ એડ્રેસ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (''ડીપી'')/કંપની/રજિસ્ટ્રાર સાથે નોંધાયેલ છે. અને શેર ટ્રાન્સફર એજન્ટ જેમ કે બીગશેર સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ (''આરટીએ'') એમસીએ પરિપત્ર અને સેબીના નિયમો અનુસાર. ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપની સાથે તેમના ઈમેલ એડ્રેસ અથવા મોબાઈલ નંબર રજીસ્ટર/ અપડેટ કર્યા નથી, તેમને https://bigshareonline.com//Investor પર ક્લિક કરીને નોંધણી/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે. Registration.aspx#AdvdTrack# અને જે સભ્યો ડીમટીરિયલાઈઝડ ફોર્મમાં શેર ધરાવે છે અને હજુ સુધી તેમના ઈ-મેઈલ સરનામાં રજીસ્ટર કર્યા નથી. તેમના ડીપી સાથે તેની નોંધણી કરાવવા વિનંતી કરી.

સભ્યો ફક્ત વિડીયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા એજીએમમાં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે. VC/OAVM દ્વારા એજીએમમાં જોડાવા માટેની પ્રક્રિયા અથવા સૂચનાઓ નોટિસમાં જણાવવામાં આવી છે. એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા અથવા સૂચનાઓ તમામ સભ્યો માટે (હોલ્ડિંગ સભ્યો સહિત ભૌતિક સ્વરૂપમાં શેરો/ જેમના ઈ-મેલ સરનામાં ડીપી/કંપની/ આરટીએ સાથે નોંધાયેલા નથી) નોટિસમાં જણાવવામાં આવ્યા છે. આ જાહેરાત કંપનીની વેબસાઈટ www.lactoseindialimited.com પર અને BSE લિમિટેડની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ રહેશે.

www.bseindia.com

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ઓર્ડર દ્વારા
લેક્ટોઝ (ઇન્ડિયા) લિમિટેડ માટે
Sd/-

તારીખઃ ૦૫મી સપ્ટેમ્બર, ૨૦૨૪ — રિતેશ પાંડે
સ્થળઃ મુંબઈ — કંપની સેક્રેટરી

અંબાજી મંદિરની દાનપેટીમાંથી લાખો રૂપિયાનું સોનું મળી આવ્યું

● અંબાજી, તા.૪

યાત્રાધામ અંબાજીમાં બારેય મહિના ભક્તોનો ભારે ધસારો જોવા મળતો હોય છે. ભક્તોના ઘોડાપૂર સાથે અહીં દાનની પણ સરવાણી જોવા મળતી હોય છે. અંબાજી મંદિરમાં લાખો રુપિયાના સોનાનું દાન પણ ભક્તો દ્વારા કરવામાં આવતુ હોય છે. જો કે પહેલી વાર અજાણ્યા દાતા દ્વારા લાખો રુપિયાનું સોનું દાન પેટીમાં મુકવામાં આવ્યુ હોય તેની ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલા અંબાજી ધામમાં શ્રદ્ધાળુએ 'સુવર્ણ' ભેટ અર્પણ કરી છે. મંદિરનો ભંડાર ખુલતા અંદરથી સોનાની ૧૦ લગડી મળી આવી છે. એક ભક્તે ૧૦૦ ગ્રામ વજનની ૧૦ લગડી મંદિરમાં ભેટ ચઢાવી હોવાની ઘટના સામે આવી છે. સોનાની ૧૦ લગડી ચુંદડીમાં બાંધેલી હાલતમાં મળી આવી છે. કુલ એક કિલો વજનની લગડીની કિંમત ૭૦ થી ૭૫ લાખ રુપિયા હોવાની માહિતી છે.અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી હાલમાં ચાલુ જ છે. મંદિરને સોને મઢવા શ્રદ્ધાળુઓ દ્વારા સતત સુવર્ણનું દાન કરવામાં આવતુ હોય છે,.

રાજ્યમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત ૧૪ જિલ્લાના ૧.૬૯ લાખથી સહાયની ચૂકવણી

● ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી પણ ત્વરાએ થાય તે અંગે જિલ્લા કલેકટરોને દિશાનિર્દેશ આપ્યા છે.આને પગલે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી રહી છે.તદઅનુસાર, વરસાદથી અસર પામેલા જરૂરતમંદ વ્યક્તિઓ-પરિવારો કે જેમની રોજી-રોટીને અસર થઈ છે તથા ઘરવખરી સામાન તણાઈ જવાથી કે નાશ થવાથી નુકસાન થયું છે તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવણી કરવામાં આવે છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાહત કમિશનર આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂ. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે.એટલું જ નહિ, જે પરિવારોની ઘરવખરી-કપડાં વગેરે પાણીમાં તણાઈ જવાથી કે નુકસાન થવાથી નાશ પામ્યા છે, તેવા પરિવારોની સરવે કામગીરી ૧૧૬૦ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જિલ્લાઓના આવા ૫૦,૧૧૧ પરિવારોને કુલ રૂ. ૨૦.૦૭ કરોડથી વધુ રકમ ઘરવખરી અને કપડા સહાય પેટે ચૂકવવામાંઆવી છે.વધુ વિગતો આપતા રાહત કમિશનરશ્રીએ ઉમેર્યું કે, આ સમયગાળા દરમિયાન માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી કુલ રૂ. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સાથે જ પશુ મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલા ૨,૬૧૮ પશુઓના માલિકોને કુલ રૂ. ૧.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.આ ઉપરાંત ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાચા મકાનો, પાકા મકાનો, આંશિક અને સંપૂર્ણ નુકશાન પામેલા મકાન અને ઝુંપડાનો પણ સરવે હાથ ધરીને અત્યાર સુધીમાં ૪,૬૭૩ મકાન-ઝુંપડા માલિકોને કુલ રૂ. ૩.૬૭ કરોડથી વધુની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ગત બે દિવસ દરમિયાન વરસેલા વરસાદના કારણે કેટલાક જિલ્લાઓમાં સરવેની કામગીરી પ્રગતિમાં છે અને પરિવારો-વ્યક્તિઓની સંખ્યાની વિગતો જેમ ઉપલબ્ધ થતી જશે, તેમ ઘરવખરી-કપડા સહાય, કેશડોલ્સ, માનવ મૃત્યુ, પશુ મૃત્યુ ઉપરાંત કાચા પાકા મકાનમાં થયેલા નુકશાન માટે વધુ ચૂકવણીની પ્રક્રિયા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે, તેમ રાહત કમિશનરશ્રીએ ઉમેર્યું હતું. રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત વિસ્તારોમાં દ્વઢઈઃની ૧૭,એસડીઆરએફની ૨૭ તેમજ આર્મીની ૦૯ કોલમ ઉપરાંત એરફોર્સ અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા કુલ ૩૭,૦૫૦ લોકોને રેસ્ક્યુ તેમજ ૪૨,૦૮૩ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાથે જ, ૫૩ વ્યક્તિઓને એરલીફ્ટ પણ કરવામાં આવ્યા હતા.

અમદાવાદની મેડિકલ અને ડેન્ટલ કોલેજો માટે સીટ ફાળવણીના પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ બેઠકો ભરાઈ

● અમદાવાદ, તા.૪

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ દ્વારા પ્રવેશની રજૂઆતને કારણે નોંધપાત્ર પડકારો અને વિદ્યાર્થીઓના વિરોધનો સામનો કરવો પડ્યો છે , જેના કારણે યુનિવર્સિટીઓને અલગ પોર્ટલ દ્વારા પ્રવેશ ફાળવણી પ્રક્રિયા હાથ ધરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી પ્રવેશ સમિતિના સંયોજક પ્રો. એન.કે જૈને જાહેરાત કરી હતી કે અંડરગ્રેજ્યુએટ કોર્સ માટે ઉપલબ્ધ ૬૫,૭૯૭ બેઠકોમાંથી ૫૦,૦૯૪ બેઠકો ચ્ઞ્છ૭જી દ્વારા ફાળવવામાં આવી હતી .અનુસ્નાતક અભ્યાસક્રમો માટે, ઉપલબ્ધ ૨૧,૬૨૪ બેઠકોમાંથી ૧૫,૯૦૩ બેઠકો ફાળવવામાં આવી હતી.હાલમાં, યુજી અને પીજી અભ્યાસક્રમોની કુલ ૮૭,૪૨૧ બેઠકોમાંથી, ૬૭,૨૫૩ ફાળવવામાં આવી છે, જે ૨૦,૧૬૮ ખાલી છે. વાણિજ્યમાં અંદાજે ૫,૦૦૦ બેઠકો ખાલી છે, અને અનુસ્નાતક વાણિજ્ય અભ્યાસક્રમોમાં લગભગ ૬,૦૦૦ બેઠકો ખાલી છે. આ કમિટિનું કામ આ વર્ષે માત્ર બે પ્રોફેસરે સંભાળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.અમદાવાદની મેડિકલ અને ડેન્ટલ કોલેજો માટે સીટ ફાળવણીના પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ બેઠકો ભરાઈ છેઃ મેડિકલ કોલેજોમાં ૬,૫૭૩ માંથી ૫,૮૯૩ અને ડેન્ટલ કોલેજોમાં ૬,૯૫૮ માંથી ૧,૦૬૫. વિદ્યાર્થીઓએ ૫ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવો આવશ્યક છે. ભરેલી એનઆઈઆઈ અને પીડબ્લ્યુડી કેટેગરીની બેઠકો આગામી રાઉન્ડમાં અન્ય ક્વોટામાં કન્વર્ટ થઈ શકે છે. આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ ૬ સપ્ટેમ્બરથી શરૂ થશે.એડમિશન કમિટીએ ડિગ્રી એન્જિનિયરિંગ માટેની સરકારી કોલેજોમાં બાકીની ૧,૭૦૩ ખાલી બેઠકો ભરવા માટે વધારાનો ઓનલાઈન રાઉન્ડ સુનિશ્ચિત કર્યો છે. વિદ્યાર્થીઓએ ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ તેમની સંમતિ ઓનલાઈન આપવી પડશે, જેમાં સીટ ફાળવણી ૩ સપ્ટેમ્બરે થશે. શરૂઆતમાં ૫૯,૦૦૦ સીટો સામેલ હતી, આ પ્રક્રિયામાં અત્યાર સુધી માત્ર ૨૩,૦૦૦ સીટો જ ફાળવવામાં આવી હતી. ખાનગી કોલેજો તેમની ખાલી જગ્યાઓનું સ્વતંત્ર રીતે સંચાલન કરશે.મેંગલોર યુનિવર્સિટીએ તેના અનુસ્નાતક અભ્યાસક્રમોની ફીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. કોંકણી, તુલુ અને કોડાવા જેવા પ્રાદેશિક ભાષાના અભ્યાસક્રમોની કિંમત હવે રૂ. ૧૧,૦૦૦ને બદલે રૂ. ૨૩,૦૦૦ છે. સંસ્થાના નાણાકીય સંઘર્ષ અને આર્થિક રીતે નબળા બેકગ્રાઉન્ડના વિદ્યાર્થીઓ માટે પોષણક્ષમતા અંગેની ચિંતાઓને કારણે આ નિર્ણયને પ્રતિક્રિયાનો સામનો કરવો પડે છે.

INTEGRA SWITCHGEAR LTD.

Regd. Office: 102, GharondaAppts, Indira Marg, Navapura, Vadodara, Gujarat – 390010.

Email-integra.pankajvora@gmail.com, Website-www.integraindia.com
CIN: - L29130GJ1992PLC018684 Tel+9824255488

NOTICE

Notice is hereby given to draw kind attention of the shareholders of the Company that Ministry of Corporate Affairs (MCA) vide General Circular No. 09/2023 dated September 25, 2023 read with circulars dated December 28, 2022, May 5, 2022, January 31, 2021, May 5, 2020, April 8, 2020 and April 13, 2020 (collectively referred to as "MCA Circulars") & SEBI Circular No. SEBI/HO/DDHS/P/CIR/2023/0164 dated October 6, 2023 read with SEBI/HO/CFD/PoD2/CIR/P/2023/120 dated July 11, 2023 (collectively referred to as "SEBI Circulars") have further extended the requirement of holding Annual General Meeting through video conferencing (VC) or other audio visual means (OVAM), to send financial statements including Board reports, Auditors report or other documents required to be attached therewith along with Notice of Annual General Meeting to the Members only through email registered with the Company and relaxed the requirement of furnishing hard copy of Annual report to the Members. We urge the shareholders of the Companyto register their email address, PAN / bank detailswith the Company by sending email to **integra.rehana@gmail.com/ integra.pankajvora@gmail.com** and / or Company's Registrar and Transfer Agent **ADROIT CORPORATE SERVICES PRIVATE LIMITED** on info@adroitcorporate.com. Public advertisement is also available on website of the Company –**www.integraindia.com.**

Place: Vadodara
Date: 04-09-2024

FOR INTEGRA SWITCHGEAR LIMITED
RehanabibiKudalkar, Company Secretary

૫ સપ્ટેમ્બર રાષ્ટ્રીય શિક્ષક દિવસઃ આણંદના શિક્ષક

વિનયભાઈ પટેલની નેશનલ ટીચર્સ એવોર્ડ માટે પસંદગી

● ગાંધીનગર, તા.૪

''મેં ગ્રામીણ વિસ્તારની શાળા એટલા માટે પસંદ કરી કારણ કે મને અહીં છેવાડાના બાળકોની સેવા કરવાની તક મળે. આચાર્ય તરીકે મને કામ કરવાની વધુ સ્વતંત્રતા મળશે તેથી આ જોબ મેં સ્વીકારી. આજે અહીં હાઈસ્કૂલમાં આયુર્વેદિક ઔષધીય બાગ છે, ડિજીટલ લાઈબ્રેરી અને સ્માર્ટ ક્લાસરૂમ છે અને હાઈસ્કૂલમાં થતા કોઈ પણ કાર્યક્રમમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવતો નથી.'' આ શબ્દો છે આણંદના વડદલા ગામની હાઈસ્કૂલમાં ૧૬ વર્ષથી આચાર્ય તરીકે સેવા આપતા શિક્ષક વિનય શશિકાન્ત પટેલના, જેમની નેશનલ ટીચર્સ એવોર્ડ ૨૦૨૪ માટે પસંદગી થઈ છે.

હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોના સર્વાંગી વિકાસ માટે તત્પર વિનયભાઈએ શાળાની માળખાકીય સુવિધાઓને વિકસિત કરવા માટે ઘણા પ્રયાસ કર્યા છે. તેમની શાળાની સુવિધાઓ વિશે જણાવતા વિનયભાઈએ કહ્યું, ''અમારી હાઈસ્કૂલમાં અત્યારે ખૂબ જ સુંદર લાઈબ્રેરી છે જે સારામાં સારા પુસ્તકો અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ છે. ઈન્ટરનેટ કનેક્શન પણ છે જેથી બાળકો પૂરતો અભ્યાસ કરી શકે. અહીં બાળકોની સાથે ગામના વાંચનપ્રેમી લોકો પણ પુસ્તકો વાંચવા આવે છે. અમે એવી વ્યવસ્થા કરી છે કે બાળકોએ અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વાર તો લાઈબ્રેરીમાં જવાનું જ. '' બાળકોમાં શાળાના શિક્ષણની સાથોસાથ પ્રકૃતિ પ્રત્યે સમન્વય અને સેવાભાવનાનું ઘડતર થાય તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. શાળામાં આયુર્વેદની ઔષધિઓમાં ઉપયોગી બને તેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ કામમાં બાળકો પણ હોંશેહોંશે જોડાય છે. સાથોસાથ વિનયભાઈ કરૂણા અભિયાન અંતર્ગત ઉત્તરાયણના સમયે ગામડાની શેરીઓમાં બાળકોને સાથે લઈ જઈને પતંગના દોરા એકત્ર કરાવી લે છે જેથી પક્ષીઓને નુકસાન ન થાય. પર્યાવરણની કામગીરી સાથે ૧૯૯૬થી સંકળાયેલા વિનયભાઈ જણાવે છે,''જે વૃક્ષો ઉગાડ્યા છે, ત્યાં તેની માહિતીના ચાર્ટ પણ રાખ્યા છે, જેથી બાળકોને તેના વિશે માહિતી મળે. મારો જન્મદિવસ હોય ત્યારે તમામ બાળકોને ઔષધીય ગુણોવાળા અલગ અલગ વૃક્ષ ભેટમાં આપું છું.

Bharat Parenterals Limited

Registered Office & Works:
Survey No.: 144-A, Jarod-Samlaya Road, Vill. Haripura, Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.
Mobile : 99099 28332
E-mail: info@bplindia.in, Web.: www.bplindia.in
CIN NO: L24231GJ1992PLC018237
(WHO-GMP CERTIFIED * STAR EXPORT HOUSE)

NOTICE

Notice is hereby given that an ordinary resolution proposed to be passed through Postal Ballot of Bharat Parenterals Limited ('the Company') through E-voting. The provisions of Section 108 and 110 and other applicable provisions, if any, of the Companies Act, 2013, ("the Act") read with rule 20 and 22 of the Companies (Management and Administration) Rules, 2014, including any statutory modification(s) or re-enactment(s) thereof for the time being in force and in accordance with the guidelines prescribed by the Ministry of Corporate Affairs for conducting postal ballot and e-Voting vide General Circular Nos. 14/2020 dated 8th April 2020, 17/2020 dated 13th April 2020, 22/2020 dated 15th June 2020, 33/2020 dated 28th September 2020, 39/2020 dated 31st December 2020, 10/2021 dated 23rd June 2021 and 20/2021 dated 8th December 2021, 3/2022 dated 5th May 2022,11/2022 dated 28th December 2022 and 09/2023 dated 25th September, 2023 respectively (collectively termed as "MCA Circulars"), Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations"), Secretarial Standard on General Meetings ("SS–2") issued by the Institute of Company Secretaries of India and pursuant to all other applicable laws and regulations, if any, respectively issued by the Ministry of Corporate Affairs ("MCA"), Government of India and other corresponding circulars issued by Securities and Exchange Board of India ("SEBI"), to transact the businesses as set out in the Notice of Postal Ballot.

As per aforesaid circulars, the Notice of Postal Ballot shall be sent only by electronic mode to those Members whose E-mail Id are already registered with the Company/ Depositories. The Company is also providing e-voting and remote e-voting facility to all its members. If your email ID is already registered with the Company/ Depositary, Notice of Postal ballot and login details for e-voting shall be sent to your registered email address. In case you have not registered your email ID with the Company/ Depository. The Company will be providing remote e-voting facility ("remote e-voting') to all its Members to cast their votes on all resolutions set out in the Notice of the EoGM as well as the facility of voting through e-voting system during the EoGM. Detailed procedure for remote e-voting/ e-voting will be provided in the Notice of the EoGM. please follow below instructions to register your email ID for obtaining login details for e-voting: -

a. Physical Holding Shareholders are requested to furnish their Email ids, Mobile no., bank account details for the purpose of EoGM (Extra- Ordinary General Meeting) of the Company and/or other details in Form ISR-1 and other relevant forms prescribe by SEBI with the company's Registrar and Share Transfer Agent of the Company, Name and Address of the RTA ; Email Id:taclientservice@adroitcorporate.com / info@adroitcorporate.com Website:www.adroitcorporate.com Relevant forms prescribed by the SEBI in this regard are available on the website of the RTA. You are requested to kindly note the same and update your particulars timely.

b. Demat Holding Please contact your Depositary Participant (DP) and register your email address as per the process advised by DP. The Notice of EoGM conducted through Postal ballot will also be available on Company's website www.bplindia.in at 05th September, 2024 and also on the Stock Exchanges websites at www.bseindia.com and NSDL Website.

By order of the Board
For Bharat Parenterals Limited
Sd/-
BHARATKUMAR R. DESAI

Place : Vadodara
Date : 04th September, 2024